**આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દ્વારા કૃષિ પાકો માં ખરીફ ઋતુ પુર્વની તૈયારી અને હલકા ધાન્ય પાકોની અગત્યતા તથા મૂલ્યવર્ધન વિષય ઉપર એક દિવસીય તાલીમ વર્ગ યોજાયો**

--------------------------------------------------------------------

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર ખાતે ચાલતી આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર યોજના અંતર્ગત તારીખ ૦૮/૦૬/૨૦૨૨ ના રોજ **કૃષિ પાકો માં ખરીફ ઋતુ પુર્વની તૈયારી અને હલકા ધાન્ય પાકોની અગત્યતા તથા મૂલ્યવર્ધન** વિષય ઉપર એક દિવસીય તાલીમ વર્ગ અયોજન કરવામાં આવેલ. આ તાલીમ વર્ગ ની શરૂઆત આણંદ કૃષિ યુનિવર્સિટી ના પ્રેરણા ગીત થકી કરવામાં આવી ત્યાર બાદ કેન્દ્રના વડા ડૉ.વાય.બી.ચૌહાણ દ્વારા પ્રાસંગીક ઉદબોધન થકી કેન્દ્રની વિવિધ સંશોધન તેમજ વિસ્તરણની વિવિધ પ્રવૃતિઓ વિશે મહિલા ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા. આ એક દિવસીય તાલીમ વર્ગમાં કાર્યક્રમની રૂપરેખા મુજબ ડૉ.વાય.બી.ચૌહાણ દ્વારા ચોમાસું પાકોમાં રોગ જીવાત નિયંત્રણ, ડૉ. સી. જે.પટેલ દ્વારા ખરીફ પાકોમાં નિંદણ અને પિયત વ્યવસ્થાપન, ડૉ.એચ.કે.દેસાઇ દ્વારા વર્મીકમ્પોસ્ટ બનાવવાની પધ્ધતિ અને તેનું ખેતીમાં કાર્યક્ષમ ઉપયોગ અને ડૉ.એકતા.એચ.પંડ્યા દ્વારા હલકા ધાન્ય પાકોની અગત્યતા તથા મૂલ્યવર્ધન જેવા જુદાં જુદાં વિષયો ઉપર મહિલા ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યુ . વધુમાં આ તાલીમ અંતર્ગત નાગલી (હલકા ધાન્ય) ની જુદી જુદી બનાવટો જેવીકે શીરો, ઉત્તપમ, ઢોકળા, ઢેબરા, મમરા અને પાપડી વગેરેનું પ્રયોગિકરૂપે બનાવીને માહિતગાર કરવામાં આવ્યા.  આ સમગ્ર તાલીમ પ્રોગ્રામનું સંકલન ડૉ.એચ.કે.દેસાઇ દ્વારા કરવામાં આવેલ જે થકી કુલ ૨૦ જેટલા મહિલા ખેડૂતોએ ભાગ લીધેલ.








